# <u>પ્રો-એક્ટીવ</u>

# <u>ડિસ્ક્લોઝર</u>

# સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લી.

દેશના શહેરોમાં ફિઝીકલ, સોશીયલ સંબંધિત, આર્થિક બાબતોને લગતી તથા સંસ્થાકિય માળખાગત સુવિધાઓ ઉભી કરી તથા તે માટે સ્માર્ટ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શહેરીજનોને ક્વોલીટી ઓફ લાઈફમાં વધારો થાય અને શહેરોમાં પૂરી પાડવામાં આવતી સિવિક સર્વિસિસ સસ્ટેઈનેબલ તથા ઈન્કલુઝીવ બને તે માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા સ્માર્ટ સિટી મિશનની શરૂઆત કરવામાં આવેલ. જે અંતર્ગત ભારતના ૧૦૦ શહેરોને સ્માર્ટ સીટી મિશન હેઠળ આવરી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. સ્માર્ટ સિટી મિશન હેઠળ ભારત સરકાર દ્વારા ૧૦૦ શહેરોની જાહેર કરેલ યાદીમાં ગુજરાત રાજ્યના છ(૦૬) શહેરોમાં અમદાવાદ શહેરનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારશ્રી દ્વારા સ્માર્ટ સિટી મિશન હેઠળ આપણા અમદાવાદ શહેરને સ્માર્ટ સિટી તરીકે જાહેર કરતાં સ્માર્ટ સિટી મિશનની ગાઈડલાઈન મુજબ વિવિધ પ્રોજેક્ટનાં અમલીકરણ માટે સ્માર્ટ સિટી અમદાવાદ

ડેવલપમેન્ટ લીમીટેડ કંપનીની રચના કરવામાં આવેલ. જે અંતર્ગત અમદાવાદ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લી. કંપનીની સંરચના તા.૨૮/03/૨૦૧૬ ના રોજ કંપની એકટ હેઠળ નોંધણી કરવામાં આવેલ છે. સ્માર્ટ સિટી મિશન હેઠળ ભારત સરકાર તરફથી દરેક શહેરને પાંચ વર્ષ સુધી દર વર્ષે રૂા.૧૦૦ કરોડની ગ્રાન્ટ મળવાપાત્ર છે. કંપનીની ઓથોરાઈઝ્ડ શેર કેપીટલ રૂા.૨૦૦ કરોડ છે.

સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લી. દ્વારા મુખ્યત્વે ટેક્નોલોજીનો ઉપયોગથી શહેરીજનોનો વધુ સારી સેવા પૂરી પાડી શકાય તે હેતુથી પાન સીટી પ્રોજેક્ટસ અને શહેરના વિકાસના ભાગ રૂપે ચોક્કસ એરીયાનો સર્વાંગી વિકાસ કરવાના હેતુથી એરીયા બેઈઝ ડેવલપમેન્ટ એમ કુલ બે કેટેગરીમાં વિવિધ પ્રોજેક્ટસ હાથ પર લેવામાં આવેલ છે. સ્માર્ટ સિટીનાં મહ્ત્વનાં પ્રોજેક્ટ્સની માહિતી નીચે મુજબ છે:

## <u>પાન સીટી પ્રોજેક્ટ :</u>

૧. કોમન સીટી પેમેન્ટ સિસ્ટમ

૨. ઈન્ટેલીજન્ટ ટ્રાન્ઝિટ મેનેજમેન્ટ સિસ્ટમ

૩. ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક

૪. સેફ એન્ડ સિક્યોર અમદાવાદ

## <u>એરિયા બેઈઝ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ :</u>

૧. ૬૦ એમએલડીના એસટીપી પ્રોજેક્ટ

૨. ઈન્ટર મોડલ હબ

૩. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ આધારે સ્લમ રીહેબીલીટેશન

૪. સેન્ટ્રલ બિઝનેસ ડિસ્ટ્રીક્ટ હેઠળ આશ્રમ રોડ ખાતે તમામ યુટીલીટી સર્વિસનું રેટ્રોફીટીંગની કામગીરી

## <u>વહીવટી માળખું :</u>

| અધિકારીશ્રીનું નામ | સ્માર્ટ સિટીનો હોદ્દો |
|---|---|
| શ્રી મુકેશ કુમાર | ચેરમેન |
| શ્રી રાકેશ શંકર | ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર |
| શ્રી આર્જવ જે. શાહ | ડાયરેક્ટર / ચીફ ફાયનાન્સિયલ ઓફિસર |
| શ્રી રમ્યકુમાર ભટ્ટ | જનરલ મેનેજર (એડમીન / ટેક) |
| શ્રી એન કે. મોદી | જનરલ મેનેજર (ઈન્ફ્રા / પ્લાનિંગ) |
| શ્રી યતિન્દ્ર નાયક | ડે. જનરલ મેનેજર (ટેક) |
| શ્રી નાગરાજન નાયડુ | ડે. જનરલ મેનેજર (ફાયનાન્સ) |
| શ્રી મહેન્દ્ર એસ. સોખડીયા | ડે. જનરલ મેનેજર (ફાયનાન્સ) |
| શ્રી ચિરાગ એચ. પટેલ | ડે. જનરલ મેનેજર (એડમીન) |
| શ્રી મુકેશ પટેલ | ડે. જનરલ મેનેજર (એડમીન) |
| શ્રી અપૂર્વ સોલંકી | આસી. મેનેજર (એડમીન / ટેક) |

**<u>પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો.</u>**

| અ.નં. | અધિકારીશ્રી તથા તેમનો હોદ્દો | સત્તાઓ અને ફરજો |
|---|---|---|
| ૧. | **શ્રી મુકેશ કુમાર,** આઈ.એ.એસ.<br>મ્યુ. કમિશનરશ્રી હોદ્દાની રૂએ કંપનીના ચેરમેન | તેઓશ્રી કંપનીની સમગ્ર સ્ટ્રેચ્યુટરી મીટીંગોના સંચાલક છે. |
| ૨. | **શ્રી રાકેશ શંકર,** આઈ.એ.એસ.<br>ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી / ડે.મ્યુ.કમિશનર | તેઓશ્રી સમગ્ર કંપનીનાં મુખ્ય સંચાલક છે. |
| ૩. | **શ્રી આર્જવ જે. શાહ**<br>ચીફ ફાયનાન્સીયલ ઓફીસર / ડાયરેક્ટર | સમગ્ર કંપનીના ફાઇનાન્સને લગતા કાર્યો |
| ૪. | **શ્રી રમ્યકુમાર ભટ્ટ**<br>જનરલ મેનેજર (એડમીન / ટેક) | સમગ્ર કંપનીના વહીવટ તેમજ ટેકનિકલને લગતા કાર્યો |
| ૫. | **શ્રી એન કે. મોદી**<br>જનરલ મેનેજર (ઈન્ફ્રા / પ્લાનિંગ) | સમગ્ર કંપનીને ઈન્ફ્રા તેમજ પ્લાનિંગ ને લગતાં કાર્યો |
| ૬. | **શ્રી યતિન્દ્ર નાયક**<br>ડે. જનરલ મેનેજર (ટેક) | સમગ્ર કંપનીના ટેકનિકલને લગતા કાર્યો |
| ૭. | **શ્રી નાગરાજન નાયડુ**<br>ડે. જનરલ મેનેજર (ફાયનાન્સ) | સમગ્ર કંપનીના ફાઇનાન્સને લગતા કાર્યો |
| ૮. | **શ્રી મહેન્દ્ર એસ. સોખડીયા**<br>ડે. જનરલ મેનેજર (ફાયનાન્સ) | સમગ્ર કંપનીના ફાઇનાન્સને લગતા કાર્યો |
| ૯. | **શ્રી ચિરાગ એચ. પટેલ**<br>ડે. જનરલ મેનેજર (એડમીન) | સમગ્ર કંપનીના વહીવટને લગતા કાર્યો |
| ૧૦. | **શ્રી મુકેશ પટેલ**<br>ડે. જનરલ મેનેજર (એડમીન) | સમગ્ર કંપનીના વહીવટને લગતા કાર્યો |
| ૧૧. | **શ્રી અપૂર્વ સોલંકી**<br>આસી. મેનેજર (એડમીન / ટેક) | સમગ્ર કંપનીના વહીવટ અને ટેકનિકલને લગતા સોંપવામાં આવતા કાર્યો |

## 3. દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ.

કંપની તથા તેના પ્રોજેક્ટને લગતાં રોજ-બરોજનાં કાર્યોનું સંચાલન જુદા જુદા વિભાગ સંભાળતાં અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવે છે. કંપનીનાં પ્રોજેક્ટ સંબંધિત નિર્ણયો પ્રોજેક્ટ મેનેજમેન્ટ કમિટીની મીટીંગમાં લેવામાં આવે છે તથા કંપનીને લગતાં નીતિ વિષયક બાબતો અંગેના નિર્ણયો સહિત અન્ય નિર્ણયો કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગ લેવામાં આવે છે.

# સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લીમીટેડનાં ચાર વિભાગ છે.

| | |
|---|---|
| ટેકનિકલ વિભાગ : | પ્રોજેક્ટનાં ટેકનિકલને લગતી તમામ કામગીરી કરે છે. |
| વહીવટી અને નાણાં વિભાગ : | કચેરીનાં સામાન્ય વહીવટ તથા નાણાકીય બાબતોની કામગીરી કરે છે. |
| ઈન્ફ્રા વિભાગ : | ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગતી કામગીરી કરે છે. |
| લાઈટ વિભાગ : | લાઈટ / ઈલેક્ટ્રીક ને લગતા તમામ પ્રોજેક્ટ્સની કામગીરી કરે છે. |

૪. પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહો અને રેકર્ડ.

કંપનીઝ એક્ટ ૨૦૧૩ મુજબ કંપનીનું સંચાલન કરવામાં આવે છે.

# ૫. પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક.

૧. મેમોરેન્ડમ ઓફ એસોસિએશન.

૨. આર્ટીકલ્સ ઓફ એસોસીએશન.

3. ઈન્ફોર્મેશન રીલેટેડ ટુ બોર્ડ ઓફ ડીરેક્ટર્સ.

૪. પ્રોજેક્ટ સંબંધિત ડોક્યુમેન્ટ્સ

૫. કન્સેશન એગ્રીમેન્ટ

૭. તેની નીતિ અથવા તેના અમલીકરણના ઘડતરના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચારવિનિમય માટે અથવા તેમના નામ દ્વારા રજૂઆત માટેની વિધ્યમાન કોઈ ગોઠવણીની વિગતો.

કંપનીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના માનનીય મેયરશ્રી, ડે.મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી, મ્યુ. કમિશનરશ્રી, કેન્દ્ર સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી ના પ્રતિનિધિ, કલેક્ટરશ્રી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે તથા તેઓશ્રીઓ પ્રોજેક્ટ તેમજ કંપનીના નીતિ વિષયક નિર્ણયોમાં મહત્વની ભુમિકા ભજવે છે.

૮. તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોની બેઠકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ ?

**ના.**

## ૯. તેના વિનિયમોમાં જોગવાઈ કાર્યો પ્રમાણે વળતરની પદ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક વળતર.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાંથી ફાળવવામાં આવેલ કર્મચારીઓને માસિક વળતર મ્યુનિસિપલ કોર્પોરેશનના ધારા-ધોરણો મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કરે છે. જ્યારે અત્રે કંપનીમાં કન્સલ્ટન્ટ તરીકે રાખવામાં આવેલ કન્સલ્ટન્ટોને તથા અન્ય કાર્યો માટે રાખવામાં આવેલ કર્મચારીઓને નક્કી થયા મુજબ ઉચ્ચક ફી/પગાર વળતર રૂપે આપવામાં આવે છે.